દાખલ તારીખ :–
નોંધ્યા તારીખ :–
ફેંસલ તારીખ :–
સમયગાળો :– વર્ષ–માસ–દિવસ

==========================================================

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મેટ્રો. મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૫, અમદાવાદ**

==========================================================

**ક્રિમીનલ કેસ નં. ૬૩૮૨૮/૨૦૧૯**

**આંક :–**

**ફરીયાદી** **:–** શ્રી સરકાર

વિરૂધ્ધ...

**આરોપી** **:–** **(૧) શ્રીધર રામમૃતી પડીયાચી**
**(૨) ઈમરાનભાઈ નિજામભાઈ શેખ**
**(૩) શહીદ ઉર્ફે મુન્નુ અબ્દુલરજાક રંગરેજ**
**(૪) સફી ઉર્ફે રાજા અબ્દુલરજાક રંગરેજ**

**ગુનોઃ– જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબ**

**ઠ રા વ**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી વિરૂધ્ધ જુગારધારાની કલમ–૧૨(અ) મુજબનો ગુનો કરેલાનું ચાર્જશીટ તપાસ કરનાર અધિકારીશ્રીએ કરેલ છે.

(૨) આરોપી આજ રોજ કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આજ રોજ પ્લી લેતાં આરોપીએ ગુનો કબુલ કરેલ છે અને આરોપીએ ગુના કબુલાતની પુરસીસ રજુ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ હોવાનું જણાવી કોર્ટ સમક્ષ દયાની અરજ કરેલ છે. આમ આરોપીએ તેમની સામેના ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

(૩) આરોપીને ગુનાની ગંભીરતા અંગે સમજાવવામાં આવ્યા, તેમછતાં આરોપી ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે. જેથી આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુનો કર્યો હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીનો પ્રથમ ગુનો હોઈ અને આરોપીને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહી કરે તેવી કોર્ટ સમક્ષ ખાતરી આપતા હોઈ આરોપીની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે નીચે મુજબ શિક્ષા કરતો હુકમ કરૂં છું.

## હુ ક મ

**અ.** આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબના ગુનામાં દોષિત ઠરાવી **આરોપી દીઠ રૂ. ૨૦૦/– લેખે કુલ રૂ. ૮૦૦/– (અંકે રૂપિયા આઠસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**બ.** મુદ્ધામાલ રોકડ રકમ સરકાર જમા કરાવવી. મુદ્ધામાલ મોબાઈલ/વાહન અંગે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. બિનકિંમતી મુદ્ધામાલનો નાશ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
મેટ્રોપોલીટન મેજી.કોર્ટ નં.૨૫
અમદાવાદ.
(Judge Code No.GJ01073)

અમદાવાદ.
તા. ૨૨/૦૭/૨૦૧૯